SHORE MEDICAL CENTER℠

# નાણાંકીય સહાયતા પોલિસી - સરળ ભાષામાં સારાંશ

Shore Medical Center ની નાણાંકીય સહાયતા પોલિસી/પ્રોગ્રામ (FAP), પાત્ર દર્દીઓને Shore Medical Center અને ઘણે ખરે અંશે સંબંધિત એકમ (IRS દ્વારા નિર્ધારિત કર્યા અનુસાર) દ્વારા પ્રદાન કરાતી પૂર્ણ અથવા આંશિક વળતર સાથેની કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી આરોગ્ય સંભાળ સેવાઓ પ્રદાન કરવા માટે હાજર છે. હોસ્પિટલ અને કોઈપણ નોંધપાત્ર સંબંધિત એકમ આ પછીથી હોસ્પિટલ તરીકે સંદર્ભિત કરવામાં આવેલ છે. નાણાંકીય સહાયતા શોધી રહેલ દર્દીઓએ, આ દસ્તાવેજમાં સારાંશ આપેલ, પ્રોગ્રામ માટે અરજી કરવી આવશ્યક છે.

<u>યોગ્ય સેવાઓ</u> - કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી આરોગ્ય સંભાળ સેવાઓ હોસ્પિટલ દ્વારા પ્રદાન કરવામાં આવે છે અને હોસ્પિટલ દ્વારા બિલ કરવામાં આવે છે. FAP ફક્ત હોસ્પિટલ દ્વારા બિલ કરાતી સેવાઓને લાગુ થાય છે. અન્ય પ્રદાતાઓ દ્વારા અલગથી બિલ કરવામાં આવતી અન્ય સેવાઓ, જેમ કે ફિઝિશિયનો અથવા લેબોરેટરીઝ FAP હેઠળ પાત્ર નથી.

<u>યોગ્ય દર્દીઓ</u> - પાત્ર સેવાઓ પ્રાપ્ત કરતા દર્દીઓ, કે જેઓ પૂર્ણ ભરેલ નાણાંકીય સહાયતા અરજી સબમિટ કરે છે (સંબંધિત દસ્તાવેજો/માહિતી સહિત), અને જેઓ હોસ્પિટલ દ્વારા નાણાંકીય સહાયતા માટે પાત્ર તરીકે નિર્ધારિત છે.

<u>અરજી કેવી રીતે કરવી</u> - FAP અને સંબંધિત અરજી ફોર્મ નીચે મુજબ મેળવી/પૂર્ણ/સબમિટ કરી શકાય છે:

- હોસ્પિટલના નાણાંકીય સહાયતા વિભાગ પર

- વિનંતી દસ્તાવેજો 609-653-3717, એક્સટેન્શન 1 પર હોસ્પિટલના નાણાંકીય સહાયતા વિભાગને ફોન કરવા પર, તમને મોકલવામાં આવે છે.

- મેલ દ્વારા/ અથવા રૂબરૂ મુલાકાત લઈને દસ્તાવેજોની વિનંતી કરો: હોસ્પિટલ નાણાંકીય સહાયતા વિભાગ, 100 મેડિકલ સેન્ટર વે, સોમર્સ પોઇન્ટ, ન્યુ જર્સી, 08244 પર સ્થિત છે. રૂબરૂ મુલાકાત લઈ, મુખ્ય લૉબી માહિતી ડેસ્ક પર આવો અને નાણાંકીય સલાહકાર સાથે વાત કરાવવાની વિનંતી કરો. (હોસ્પિટલની નાણાંકીય સહાયતા પોલિસી પણ વિનંતી કરવા પર મેલ દ્વારા અથવા વ્યક્તિગત રીતે આ સ્થાને ઉપલબ્ધ છે.)

- હોસ્પિટલની વેબસાઇટ પરથી દસ્તાવેજો ડાઉનલોડ કરો: https://www.ShoreMedicalCenter.org.

- પૂર્ણ ભરેલ અરજીઓ (તમામ દસ્તાવેજો/અરજીની સૂચનાઓમાં ઉલ્લેખિત માહિતી) અહીં મેલ કરો: હોસ્પિટલનો નાણાંકીય સલાહકાર વિભાગ, 100 મેડિકલ સેન્ટર વે, સોમર્સ પોઇન્ટ, ન્યુ જર્સી, 08244; અથવા નાણાંકીય સલાહકાર વિભાગમાં વ્યક્તિગત રીતે સુપરત કરો.

<u>નાણાંકીય સહાયતાની પાત્રતાનું નિર્ધારણ</u> - સામાન્ય રીતે, પાત્ર વ્યક્તિઓ નાણાંકીય સહાયતા માટે પાત્ર હોય છે, એક સ્લાઇડિંગ સ્કેલનો ઉપયોગ કરીને, જ્યારે તેઓની કૌટુંબિક આવક સંઘ સરકારની ફેડરલ પોવર્ટી ગાઇડલાઇન્સ (FPG)ના 200% થી ઓછી અથવા તેની સમાન હોય. <u>નાણાંકીય સહાયતાની પાત્રતાનો અર્થ છે કે પાત્ર વ્યક્તિઓને પૂર્ણપણે અથવા આંશિક રીતે તેમની સંભાળને આવરવામાં આવશે અને તેમને વીમો ધરાવતી વ્યક્તિને "સામાન્ય રીતે બિલ કરાતી રકમ (એમાઉન્ટ્સ જનરલી બિલ્ડ" (AGB)) થી વધુનું બિલ કરવામાં આવશે નહીં (AGB, જેવું કે</u>

IRC વિભાગ 501(r)માં આંતરિક રેવન્યુ સર્વિસ દ્વારા વ્યાખ્યાયિત કર્યા મુજબ). નાણાંકીય સહાયતાના સ્તરો સંપૂર્ણપણે કુટુંબની આવક અને FPG પર આધારિત છે:

- FPG ના 0 થી 200% કૌટુંબિક આવક પર
  સંપૂર્ણ નાણાંકીય સહાયતા; દર્દીને ચૂકવવાપાત્ર બિલ $0 છે.

- FPG ના 201 થી 300% કૌટુંબિક આવક પર
  આંશિક નાણાંકીય સહાય; AGB એ દર્દીને મહત્તમ બિલ ચૂકવવાપાત્ર છે.

નોંધ: FPG થી આગળના અન્ય માપદંડને પણ ધ્યાનમાં લેવામાં આવે છે (દા.ત. રોકડ અથવા અન્ય સંપત્તિઓની ઉપલબ્ધતા કે જે રોકડમાં રૂપાંતરિત કરી શકાય છે અને માસિક ઘરેલું ખર્ચાઓનાં સંબંધમાં વધારાની માસિક ચોખ્ખી આવક), જે કાર્યવાહીના અપવાદમાં પરિણમી શકે છે. જો કૌટુંબિક આવકની જાણ કરવામાં આવેલી ન હોય, તો રોજિંદી જરૂરિયાતો કેવી રીતે પૂર્ણ થાય છે તેની માહિતી જરૂરી રહેશે. હોસ્પિટલનો નાણાંકીય સલાહકાર વિભાગ સબમિટ કરવામાં આવેલ અરજીઓની સમીક્ષા કરે છે જે પૂર્ણ ભરેલી હોય, અને હોસ્પિટલની નાણાંકીય સહાયતા પોલિસી અનુસાર નાણાંકીય સહાયતાની પાત્રતાને નિર્ધારિત કરે છે. અપૂર્ણ અરજીઓને ધ્યાનમાં લેવામાં આવતી નથી, પરંતુ અરજદારને સૂચિત કરવામાં આવે છે અને ખૂટતા દસ્તાવેજો/માહિતીને પૂર્ણ કરવાની તક આપવામાં આવે છે.

હોસ્પિટલ તેના FAP, FAP અરજી ફોર્મ અને તેના FAP ના સરળ ભાષામાં સારાંશને અન્ય ભાષાઓમાં અનુવાદિત પણ કરે છે જ્યાં હોસ્પિટલ સેવા આપે છે તે સમુદાયનાં રહેવાસીઓની મુખ્ય ભાષાના લોકો 5 ટકા અથવા 1000 ને પ્રસ્તુત કરે છે; જે પણ ઓછું હોય; વ્યક્તિઓની વસ્તી હોસ્પિટલ દ્વારા પ્રભાવિત થવાની સંભાવના હોય. હોસ્પિટલ્સની વેબસાઇટ પર અથવા નીચેના સરનામા પર વ્યક્તિગત વિનંતી કરવા પર અનુવાદિત સંસ્કરણ ઉપલબ્ધ રહેશે.

મદદ, સહાયતા અથવા પ્રશ્નો માટે કૃપા કરીને મુલાકાત લો અથવા કૉલ કરો: હોસ્પિટલનો નાણાંકીય સલાહકાર વિભાગ Shore Medical Center, 100 મેડિકલ સેન્ટર વે, સોમર્સ પોઇન્ટ, ન્યુ જર્સી, 08244 ખાતે સ્થિત છે; રૂબરૂ મુલાકાત લેવા, મુખ્ય લૉબીમાં સ્થિત હોસ્પિટલ માહિતી ડેસ્ક પર આવો અને 1લા માળે આવેલ નાણાંકીય સલાહકાર વિભાગમાં જાઓ અથવા 609-653-3717, સંકેત 1 પર સોમવારથી શુક્રવાર, 8:00 AM થી 5:00 PM સુધીમાં કૉલ કરો.